# કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

સેવા સદન-૧, સિવિલ લાઇન્સ રોડ,
ગોધરા, જિ. પંચમહાલ (૩૮૯૦૦૧)
ફોન: ૦૨૬૭૨- ૨૪૨૯૪૦, ૨૪૨૮૦૦ | ફેક્સ: ૦૨૬૭૨-૨૪૨૮૯૯
ઈ-મેઈલ: collector-pan@gujarat.gov.in

નં.એમએજી/ડો.સર્ટી/કમીટી/વશી/ ૭૭૪૫/૧૮ -૫૮ તા.૧૧/૦૭/૨૦૧૮

વાંચ્યો :– (૧) ઉપસચિવશ્રી,ગૃહ વિભાગના તા.૦૬/૦૭/૧૮ના પત્ર ક્રમાંક:MIS/2018/F-II (પાર્ટફાઈલ)
(૨) સભ્ય સચિવશ્રી, ACPUGMEC ગાંધીનગરના કાર્યાલય આદેશ નંબર: ACPPGMEC/ACPUGMEC/302/2018, Date:09/07/2018

હુ ક મ:–

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,ગાંધીનગર ધ્વારા મેડીકલ,ડેન્ટલ,આયુર્વેદિક, હોમિયોપેથીક અને નેચરોપેથીકના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે અંડર ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે "ડોમિસાઈલ સર્ટીફીકેટ" રજુ કરવા ફરજીયાત કરવામાં આવેલ છે. ગુજરાત ડોમીસાઈલ પેરેન્ટસ એસોશિએશન તથા અન્ય ધ્વારા રજુઆત કરાયેલ છે કે ઘણા વિદ્યાર્થીઓ /વાલીઓ ધ્વારા ડોમિસાઈલ સર્ટીફીકેટ અયોગ્ય રીતે મેળવવામાં આવેલ છે.આ કામે ડોમિસાઈલ સર્ટીફીકેટના વેરીફીકેશન માટે સરકારશ્રીના ગૃહ વિભાગના આમુખ–(૧)ના ઠરાવથી નીચે વિગતેના સભ્યોની સમિતિ બનાવવા ઠરાવેલ છે.

આમુખ–(૨)માં વંચાણે લીધેલ ACPUGMEC ગાંધીનગરના કાર્યાલય આદેશની વિગતે તેઓના પ્રતિનિધિ તરીકે ઉકત સમિતિમાં સભ્ય તરીકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની નિમણુંક કરવામાં જણાવેલ છે.

સબબ, અત્રેના પંચમહાલ જિલ્લામાં નીચેની વિગતેની "ડોમીસાઈલ સર્ટીફીકેટ વેરીફીકેશન સમિતિ"ની રચના કરવા હુકમ કરવામાં આવે છે.

"ડોમીસાઈલ સર્ટીફીકેટ વેરીફીકેશન સમિતિ"

| અ.નં. | અધિકારીશ્રીનો હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | પ્રાન્ત અધિકારીશ્રી,ગોધરા | અધ્યક્ષ |
| ૨ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,પંચમહાલ–ગોધરા | સભ્ય |
| ૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,પંચમહાલ ગોધરા | સભ્ય |
| ૪ | જનસંપર્ક અધિકારીશ્રી,કલેક્ટર કચેરી,ગોધરા | સભ્ય |

ઉકત સમિતિએ આમુખ–(૧)માં વંચાણે લીધેલ સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવની જોગવાઈઓ અનુસાર સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરી અહેવાલ રજુ કરવાનો રહેશે.

(ઉદિત અગ્રવાલ)
જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

પ્રતિ,
સબંધિત અધિકારીશ્રી તરફ.
નકલ સવિનય રવાના:– નાયબ સચિવશ્રી,ગૃહ વિભાગ,બ્લોક નં.૨,નવા સચિવાલય,ગાંધીનગર
નકલ રવાના:– મામલતદારશ્રી,................ (તમામ)તરફ.
નકલ જયભારત સહ રવાના:–સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પ્રાંત ગોધરા/હાલોલ/શહેરા તરફ.
નકલ રવાના:–સિલેકટ ફાઈલે.

Scanned by CamScanner